# પશુ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા દ્વારા "સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત દૂધ ઉત્પાદન" વિષય ઉપર પશુપાલક બહેનોને તાલીમ આપવામાં આવી

પશુ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવગઢ બારીયા દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે તા. ૨૭/૧૨/૨૦૧૯ ના રોજ ધાનપુર તાલુકાના કાલિયાવાડ અને મહુનાળા ગામની પશુપાલક બહેનોને "સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત દૂધ ઉત્પાદન" વિષય પર એક દિવસીય તાલીમ આપવામાં આવી.

ડો. ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સૌપ્રથમ આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા કેન્દ્ર ખાતે ખેડૂતલક્ષી ચાલતી વિવિધ યોજના અંતર્ગત સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓની તાલીમાર્થીઓને સવિસ્તર માહિતી આપવામાં આવી.

વધુમાં, ડો. થોરાતે તેઓના વ્યાખ્યાનમાં સ્વચ્છ અને ગુણવત્તાવાળા દૂધ ઉત્પાદન માટે મહત્વના મુદ્દાઓ જેવા કે તંદુરસ્ત અને નિરોગી પશુ, ચોખ્ખુ અને સ્વચ્છ પીવાનું પાણી, સમતોલ અને પોષણયુક્ત ઘાસચારો અને ખાણદાણ, બીમાર પશુની સમયસરની સારવાર તેમજ દૂધ દોહનારની વ્યક્તિગત સ્વચ્છતા, દૂધના વાસણો અને તેની સ્વચ્છતા, દૂધ દોહન પહેલા, દૂધ દોહતી વખતે અને દોહન પછી લેવાની થતી કાળજી બાબતે પશુપાલક બહેનોને માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ. શ્રી. જે. એમ. પટેલ, પશુધન નિરીક્ષક, પીવીકેએ સ્વચ્છ અને ગુણવત્તાવાળા દૂધના મહત્વથી પશુપાલકોને માહિતગાર કર્યા. ડો. એ. વાય. મકાણી (રીસર્ચ એસોસીએટ) અને શ્રી. ડી. બી. રામજીયાણી (રીસર્ચ એસોસીએટ), ટી.આર.ટી.સી. દ્વારા ખેડૂતોને કૃષિના જુદાજુદા વિષયો પર માહિતી પુરી પાડેલ હતી.




પશુ વિજ્ઞાન કેન્દ્ર
કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ
(લીમખેડા)
દાહોદ

